સાધના

તારીખ:- 7/12/24 પેજ નં. 29

# ‘ભારતમાં દૃષ્ટિની ક્ષતિ અને બધિરાંધતા ધરાવતી વ્યક્તિઓના શિક્ષણ પર’ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે વિશ્વ પરિષદનું આયોજન



અમદાવાદ ખાતે ભારતમાં દ્રષ્ટિની ક્ષતિ અને બધિરાંધતા ધરાવતી વ્યક્તિઓના શિક્ષણ પર પ્રથમ વિશ્વ પરિષદનું આયોજન થયું હતું. ધી ઇન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઑફ પીપલ વિથ વિઝ્યુઅલ ઇમ્પેયરમેન્ટ (ICEVI)નું આ આયોજન અંધજન મંડળ અમદાવાદ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને સેન્સ ઇન્ટરનેશનલ ઈન્ડિયાના સહયોગથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વભરના ૬૨ દેશોના શિક્ષણક્ષેત્રના વ્યાવસાયિકો, સંભાળ રાખનાર, દૃષ્ટિની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ, બધિરાંધ ધરાવતી વ્યક્તિઓ અને બહુવિધ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિત ૩૮૦ અગ્રણી નિષ્ણાતો જોડાયા હતા. પરિષદમાં ભારત સરકારના સામાજિક ન્યાય વિભાગના સચિવશ્રી રાજેશ અગ્રવાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.